અમારો ખરો રોમાન્સ તો લગ્ન પછી શરૂ થયો

વિક્રાંત મસ્સી

વિક્રાંત મસ્સીએ અત્યાર સુધી પોતાની કરિયરમાં મોટા ભાગે જટિલ અને ગ્રે શેડ્સ ધરાવતાં કેરેક્ટરો ભજવ્યાં છે. એટલે 'મુસાફિર કાફે'માં તેનો રોમેન્ટિક અંદાજ ચાહકો માટે એક સરપ્રાઇઝ પેકેજ બનીને આવ્યો. આ ફિલ્મમાં તેનો પ્રેમાળ અને લાગણીશીલ અવતાર જોવા મળ્યો. અમારી સાથેની ખાસ વાતચીતમાં વિક્રાંત પ્રેમ, રોમાન્સ, સાથસંગાથ, એકબીજાને સ્પેસ આપવા અને સંબંધોમાં આદરનું મહત્ત્વ જેવા મુદ્દાઓ પર દિલ ખોલીને વાત કરે છે.



શો-શા

તને શું લાગે છે, તું જે કેરેક્ટર ભજવે છે તેની અસર તારા પર પણ થાય છે?

હા, બિલકુલ! એક એક્ટર તરીકે તમે જે કેરેક્ટર ભજવો છો તેમાં તમારી પોતાની પર્સનાલિટીનો પણ ઘણો હિસ્સો ઉમેરાય છે. કારણ કે તમે એ કેરેક્ટર સાથે લાંબો સમય વિતાવો છો. ધીમે ધીમે એ કેરેક્ટરનો થોડો રંગ તમારા વ્યક્તિત્વમાં પણ ભળવા લાગે છે.

એટલે પડદા પર જે જોવા મળે છે એ એક્ટર અને કેરેક્ટરનું કોમ્બિનેશન હોય છે?

હા, એકદમ! પડદા પર તમે જે જુઓ છો એમાં એક્ટરની પર્સનાલિટી, તેનો પર્સ્પેક્ટિવ અને લેખકે લખેલું કેરેક્ટર, આ બધું ભેગું થઈને એક અલગ જ રૂપ ધારણ કરે છે.

શું કોઈ કેરેક્ટર એવું છે જેણે તને તારા ડ્રીમ લાઇફનો એક્સપિરિયન્સ કરાવ્યો હોય?

'મુસાફિર કાફે'નું મારું કેરેક્ટર એવું જ છે. મારું હંમેશાંથી સપનું હતું કે મારું પોતાનું એક કાફે હોય. આ કેરેક્ટર દ્વારા મને જાણે મારું એ સપનું જીવવાની તક મળી ગઈ. એક રીતે કહું તો રીલ લાઇફમાં મેં મારી રિયલ લાઇફની એક ઇચ્છા પૂરી કરી!

ઉંમર વધવાની સાથે પ્રેમને જોવાનો તારો દૃષ્ટિકોણ બદલાયો છે?

પ્રેમ વિશે હું હજુ પણ બહુ જાણતો નથી. નાની ઉંમરે પ્રેમ થાય ત્યારે પેટમાં પતંગિયાં ઊડતાં હોય એવો એક્સપિરિયન્સ થાય છે. દરેક વાતમાં એક અલગ જ એક્સાઇટમેન્ટ હોય છે. એ ઉંમરનો પ્રેમ જ કંઈક અલગ હોય છે.

પડદા પર તમે જે જુઓ છો એમાં એક્ટરની પર્સનાલિટી, તેનો પર્સ્પેક્ટિવ અને લેખકે લખેલું કેરેક્ટર, આ બધું ભેગું થઈને એક અલગ જ રૂપ ધારણ કરે છે

નાની ઉંમરના પ્રેમની કોઈ ખાસ યાદ આજે પણ તાજી છે?

હા, મને એ દિવસો બરાબર યાદ છે, જ્યારે કોઈનો ફોન લેન્ડલાઇન પર આવતો હતો. તેની સાથે વાત કરવાની તૈયારી તમે પહેલેથી જ કરી નાખો. ફોન આવવાના 15 મિનિટ પહેલાંથી જ ફોનની આસપાસ આંટા મારવાનું શરૂ કરી દો. એ સમયનો ક્રેઝ જ કંઈક અલગ હતો!

તો આજે જીવનના આ તબક્કે તારા માટે પ્રેમની વ્યાખ્યા શું છે?

આજે મારા માટે પ્રેમ એટલે સ્વીકાર, આદર અને એકબીજા માટે પૂરેપૂરી હાજરી. માત્ર સાથે રહેવું એ પ્રેમ નથી, પણ સામેની વ્યક્તિને જેવી છે તેવી સ્વીકારવી અને દરેક સ્થિતિમાં તેની સાથે ઊભા રહેવું એ સાચો પ્રેમ છે.

શું સમયની સાથે તમે તમારા પાર્ટનરને જોવાની રીત પણ બદલો છો?

હા, ચોક્કસ! જીવનના દરેક તબક્કે તમે તમારા પાર્ટનરને એક અલગ દૃષ્ટિકોણથી જુઓ છો. સમય સાથે સંજોગો બદલાય છે, તમારી વિચારસરણી બદલાય છે અને એનો પ્રભાવ સંબંધ પર પણ પડે છે. હું પણ આ બાબતો વિશે સતત વિચારતો રહું છું.

શું તને લાગે છે કે આજના સમયમાં પ્રેમને વધારે પડતું મહત્ત્વ આપવામાં આવે છે?

ના, પ્રેમને વધારે પડતો આંકવામાં આવતો નથી. જ્યારે તમે કોઈની સાથે રહેવાનું પસંદ કરો છો ત્યારે એ પણ પ્રેમ વ્યક્ત કરવાની એક રીત છે. કોઈની સાથે રહેવાનો નિર્ણય પાછળ ચોક્કસ કોઈ કારણ હોય છે. પરંતુ મને લાગે છે કે સંબંધોમાં જે બાબતને સૌથી ઓછી મહત્ત્વ આપવામાં આવે છે એ છે આદર. પ્રેમ તો બધાને દેખાય છે, પણ એકબીજા માટેનો આદર જ સંબંધને લાંબો સમય ટકાવી રાખે છે.

શીતલને પહેલી વાર મળ્યો ત્યારે કેવો એક્સપિરિયન્સ હતો? મેરેજ પછી તમારા સંબંધમાં શું બદલાયું?

જ્યારે હું શીતલને મળ્યો ત્યારે અમે બંને પોતપોતાનાં કામમાં ખૂબ વ્યસ્ત રહેતાં હતાં. પરંતુ સાચું કહું તો અમારો ખરો રોમાન્સ મેરેજ પછી જ શરૂ થયો! મેરેજ બાદ અમે એકબીજાને પોતાની કરિયરમાં આગળ વધવા માટે સતત પ્રોત્સાહિત કરતાં રહ્યાં છીએ. ખાસ વાત એ છે કે અમે મેરેજ પછી હનીમૂન પર પણ ગયાં નહોતાં. શીતલ થોડી કંજૂસ છે! તેનું માનવું હતું કે હનીમૂન પાછળ આટલા બધા પૈસા ખર્ચવા કરતાં એ પૈસાથી આપણું પોતાનું ઘર બનાવવું વધારે સમજદારીભર્યો નિર્ણય છે. એટલે અમારું હનીમૂન પહેલાં ઘરનું સપનું પૂરું થયું!

તારી પેઢી અને આજની જનરેશન વચ્ચે સૌથી મોટો તફાવત શું લાગે છે?

આજની જનરેશનને પોતાને શું જોઈએ છે એ બાબતે એકદમ ક્લેરિટી છે. મેરેજ કરવા હોય તો કરશે અને ન કરવા હોય તો કોઈના પ્રેશરમાં આવીને નહીં કરે. પોતાની પસંદગી અને નિર્ણય વિશે તેઓ ખૂબ સ્પષ્ટ છે. મને લાગે છે કે આ તેમની બહુ સારી વાત છે. પોતાની લાઇફ પોતાના નિયમોથી જીવવાની આ હિમત ખરેખર દાદ માગી લે તેવી છે.

શું આજની જનરેશન કરિયરની બાબતમાં પણ આટલી જ ક્લિયર છે?

હા, બિલકુલ! અમારી પેઢીને તો નાનપણથી જ કહેવામાં આવતું હતું કે ડોક્ટર, એન્જિનિયર કે વકીલ બનવાનું છે. પરંતુ આજની જનરેશનને ખબર છે કે તેમને શું કરવું છે, કઈ બાબતમાં રસ છે અને કયા કામથી તેમને સાચી ખુશી મળે છે. તેઓ માત્ર દુનિયા શું કહેશે એ વિચારીને નહીં, પણ પોતાની ખુશી અને પેશનને ધ્યાનમાં રાખીને નિર્ણયો લે છે. મારા મતે આ જ આજની જનરેશનની સૌથી મોટી યુએસપી છે. ●

Kriti Kharbanda

RAPID FIRE

કઈ નવી સ્કિલ પર હાથ અજમાવી રહી છે?



સૌથી મોટી સ્ટ્રેન્થ?
કોન્ફિડન્સ અને હાર્ડ વર્ક!
કરિયરમાં સૌથી મોટો ટર્નિંગ પોઇન્ટ?
'ગૂગલી' અને 'શાદી મેં ઝરૂર આના'!
કઈ ફિલ્મથી તમને ખાસ ઓળખ મળી?
'શાદી મેં ઝરૂર આના'!
કરિયરની સૌથી મોટી શીખ?
'નો' કહેતાં શીખવું!
રિજેકશન મળે ત્યારે શું કરે?
આગળ વધુ નિરાશ થયા વિના!
ડ્રીમ રોલ?
એક બાયોપિક!
OTT કે બિગ સ્ક્રીન?
બંનેનો પોતાનો ચાર્મ!
કિતિ માટે ફેશન એટલે?
કમ્ફર્ટ ફર્સ્ટ!
Rana Naidu 2 માટે સૌથી મોટો ચેલેન્જ?
કેરેક્ટરની ઊંડાઈ સમજવી!
ઇન્ડસ્ટ્રીમાં ટકી રહેવા શું જરૂરી?
પેશન અને પર્સિસ્ટન્સ!
KGF Chapter 2નો અનુભવ?
એક મોટી સિનેમેટિક જર્ની!
લવ લાઇફનું સિક્રેટ?
સ્પેસ અને અન્ડરસ્ટેન્ડિંગ!
પુલકિત પાસેથી શું શીખી?
પાર્ટનરશિપનું મહત્ત્વ!
ફ્યુચરમાં કઈ ઇનિંગ રમવી છે?
વધુ ચેલેન્જિંગ રોલ્સ!
ફ્રી ટાઇમમાં શું કરવું ગમે?
યોગા અને મ્યુઝિક!
કોઈ એક ગિલ્ટી પ્લેઝર?
આઇસક્રીમ!
મેરેજ માટે કરિયર સાથે બાંધછોડ?
કામ પ્રત્યેનો પેશન પહેલાં!
ફાઇનાન્શિયલ ઇન્ડિપેન્ડન્સ માટે શું જરૂરી?
નોલેજ અને કોન્ફિડન્સ!
કઇ નવી સ્કિલ પર હાથ અજમાવી રહી છે?
જિયોપોલિટિક્સ!
દરેક છોકરી માટે એક સલાહ?
સેલ્ફ-સફિશિયન્ટ બનો! ●

શ્રૃહદ ગોસ્વામી શું ઓડિયન્સને ડરાવી શકશે?

ગુજરાતી સિનેમામાં જ્યારે કોઈ કલાકાર એક જ પાત્રથી દર્શકોના દિલમાં એવો વસી જાય કે લોકો તેને એ જ રૂપમાં જોવા ટેવાઈ જાય, ત્યારે તેની ઈમેજ તોડવી એ લોઢાના ચણા ચાવવા જેવું કામ બની જાય છે. અભિનેતા શ્રૃહદ ગોસ્વામી અત્યારે બરાબર આ જ વળાંક પર ઊભા છે. 'લાલોઃ શ્રીકૃષ્ણ સદા સહાયતે' ફિલ્મમાં ભગવાન શ્રીકૃષ્ણનું સૌમ્ય, પ્રેમાળ અને ભક્તિમય પાત્ર ભજવીને તેમણે ગુજરાતી દર્શકોના દિલમાં અનોખું સ્થાન બનાવ્યું છે. પરંતુ હવે શ્રૃહદ એક એવું જોખમ ખેડવા જઈ રહ્યા છે, જેની કદાચ કોઈએ કલ્પના પણ નહીં કરી હોય. હાથમાંથી વાંસળી મૂકીને હવે તેઓ ગામની સીમ, ચાર રસ્તા અને અંધશ્રદ્ધાના અંધકારમય જગતમાં પ્રવેશવા તૈયાર છે, તેમની આગામી હોરર-મિસ્ટ્રી ફિલ્મ 'કાળી ચૌદસ' દ્વારા!



લાઈમ લાઇટ

'લાલો' ફિલ્મની સફળતાએ સાબિત કરી દીધું હતું કે દમદાર કન્ટેન્ટ હોય તો કરોડોના બજેટ કે મોટા સ્ટાર્સ વગર પણ થિયેટરો છલકાવી શકાય છે. આ ફિલ્મથી રાતોરાત સ્ટાર બનેલા શ્રૃહદની લોકપ્રિયતા એટલી વધી કે સાઉથમાં તેની તેલુગુ રીમેક માટે વિજય દેવરકોંડા અને રામચરણ જેવા દિગ્ગજોનાં નામ ચર્ચાવા લાગ્યાં. આ ઈમેજ વચ્ચે, જ્યારે શ્રૃહદે 'કાળી ચૌદસ'ની જાહેરાત કરી ત્યારે દર્શકોમાં ભારે ઉત્સુકતા જાગી છે. અગ્નિના કુંડાળામાં સૂતેલી વ્યક્તિ અને મુક્તિની વાત કરતા રહસ્યમય ટીઝર વીડિયોએ એ વાતનો સ્પષ્ટ સંકેત આપી દીધો છે કે આ વખતે મામલો ભક્તિનો નહીં, પણ ભયનો છે.

જે ચહેરાને જોઈને થિયેટરમાં દર્શકોના મુખમાંથી આપોઆપ 'જય શ્રીકૃષ્ણ' નીકળી જતું હતું, એ જ ચહેરાને જોઈને શું લોકો ડરના માર્યા સીટ પરથી ઉછળી પડશે? એક અભિનેતા તરીકે શ્રૃહદ માટે આ સૌથી મોટી કસોટી છે. જોકે, શ્રૃહદ માત્ર એક જ ઢાંચામાં બંધાઈ રહેનારા કલાકાર નથી, તે તેમણે અગાઉ પણ સાબિત કર્યું છે. મલ્હાર ઠાકર સાથેની ફિલ્મ 'ધરપકડ'માં ડિજિટલ અરેસ્ટ અને સાયબર ફ્રોડ જેવા ગંભીર વિષય પર તેમણે પોતાની અભિનય ક્ષમતાનો પરિચય આપ્યો હતો, અને ત્યારબાદ 'મારણ'માં પણ તેઓ અલગ અંદાજમાં દેખાયા હતા. પરંતુ હોરર-મિસ્ટ્રી ઝોનર સાવ અલગ છે. અહીં માત્ર સંવાદોથી નહીં, પણ આંખોના હાવભાવ અને બોડી લેંગ્વેજથી દર્શકોના રૂંવાડા ઊભા કરવાના હોય છે.

ગુજરાતના ગામડાંઓમાં કાળી ચૌદસની રાત, ચાર રસ્તા પર મુકાતા ટોટકા અને વર્ષો જૂની લોકવાયકાઓનો એક અલગ જ ખૌફ રહ્યો છે. જ્યારે આવી દેશી માન્યતાઓ પડદા પર જીવંત થાય છે, ત્યારે તેની અસર વધુ ઘેરી હોય છે. વળી, શ્રૃહદની સાથે રીવા રાચ્છ, કૃણાલ પંડિત, અલ્પના બુચ, હેમાંગ દવે અને ગોપી દેસાઈ જેવા અનુભવી કલાકારોની ફોજ છે, જે ફિલ્મને મજબૂત ટેકો આપશે.

'લાલો'એ તેમના માટે અપેક્ષાઓનો જે હિમાલય ઊભો કર્યો છે, તેને પાર પાડવો સહેલો નથી. જો શ્રૃહદ પોતાની સૌમ્ય ઈમેજ તોડીને દર્શકોને ડરાવવામાં સફળ રહેશે, તો ગુજરાતી સિનેમાને એક એવો વર્સેટાઈલ સ્ટાર મળશે જે ભક્તિના રસમાં પણ ડુબાડી શકે છે અને ભયના ઓથાર નીચે પણ લાવી શકે છે. હવે બસ રાહ છે એ અંધારી રાતની, જ્યારે પડદા પર 'કાળી ચૌદસ'નો ખેલ શરૂ થશે! ●

જે ચહેરાને જોઈને થિયેટરમાં દર્શકોના મુખમાંથી આપોઆપ 'જય શ્રીકૃષ્ણ' નીકળી જતું હતું, એ જ ચહેરાને જોઈને શું લોકો ડરના માર્યા સીટ પરથી ઉછળી પડશે?